# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-09-2025 Day: Saturday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી : આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વદેશી અંગે લોકોમાં જનચેતના જાગે તેવા ઉદ્દેશથી સમગ્ર દેશમાં "આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન"નો પ્રારંભ થયો હોવાનું જણાવ્યું. ગાંધીનગરમાં ભાજપ કાર્યાલય્ શ્રી કમલમ્ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ સાથે પત્રકાર પરિષદમાં શ્રી પટેલે આગામી 28 સપ્ટેમ્બર સુધી યોજાનારા અભિયાન હેઠળ થનારી કામગીરીની માહિતી આપી તેમજ સ્વદેશી અભિયાનને જનઆંદોલન બનાવવા આહ્વાન કર્યું.

દરમિયાન કેન્દ્રીય મંત્રી શ્રી પાટીલે કહ્યું, અભિયાન દરમિયાન ઘરે-ઘરે સ્વદેશીનો સંદેશ પહોંચાડાશે.

----------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી : નિર્મળ ગુજરાત પુરસ્કાર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકોને સ્વચ્છતાને સ્વભાવ બનાવવા અનુરોધ કર્યો છે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે નિર્મળ ગુજરાત પુરસ્કાર વિતરણ સમારોહ અને સ્વચ્છ ભારત અભિયાન શહેરી-ની ચિંતન શિબિર કાર્યક્રમમાં શ્રી પટેલે કહ્યું, નગરપાલિકા સહિત વહીવટી તંત્રને મદદ કરવા સરકાર તૈયાર છે. દરમિયાન તેમણે ઉપસ્થિત અધિકારીઓને માર્ગના કામ ગુણવત્તાયુક્ત કરવા ટકોર કરી.

----------------------------------------------------------------------------------------

## કચ્છ કૃષિમંત્રી : રાપર મુલાકાત

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે કચ્છ જિલ્લાના રાપર તાલુકાના અતિવૃષ્ટિથી અસરગ્રસ્ત માખેલ ગામની મુલાકાત લઈને ખેડૂતો સાથે સીધો જ સંવાદ કર્યો હતો. કૃષિ મંત્રીએ કચ્છ જિલ્લાના કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં અતિવૃષ્ટિ બાદ પાકની સ્થિતિ અંગે ખ્યાલ મેળવ્યો હતો. જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલા સહિત ઉચ્ચ અધિકારીઓએ ભારે વરસાદથી કૃષિ નુકસાન અને હાલની સ્થિતિ અંગે મંત્રીને અવગત કર્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય : પશુ રસીકરણ

રાજ્યમાં ગયા વર્ષે એક પણ પશુમાં ખરવા મોવાસા રોગ જોવા નથી મળ્યો. સત્તાવાર યાદી મુજબ, રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ છ તબક્કામાં રાજ્યના કુલ નવ કરોડ 82 લાખથી વધુ પશુને ખરવા-મોવાસાની રસી વિનામૂલ્યે અપાઈ છે. આગામી 25 ઑક્ટોબર સુધી ચાલનારા રસીકરણના સાતમા તબક્કામાં 16 કરોડ 90 લાખ પશુઓનું રસીકરણ કરાશે. આ તબક્કા માટે ભારત સરકાર તરફથી રાજ્યને પ્રાપ્ત રસીનો જથ્થો તમામ જિલ્લા કક્ષાએ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવાયો છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન : રાજ્ય

હવામાન વિભાગે આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દરમિયાન આજે નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. જ્યારે માછીમારો માટે કોઈ ચેતવણી ન હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

---------------------------------------------------------------------------------------------

## હવામાન : કચ્છ

**હવામાન વિભાગ દ્વારા રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ મધ્યમથી ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું વેલમાર્ક લો પ્રેશર આગામી સમયમાં વધુ મજબૂત બની ડિપ્રેશનમાં ફેરવાયા બાદ ગુજરાત તરફ આગળ વધી રહ્યું છે, તેની અસર તળે રાજ્યની સાથે કચ્છ જિલ્લાના વાતાવરણમાં પલટો આવી શકે છે. દરમિયાન, જિલ્લામાં વિષમ વાતાવરણ યથાવત રહ્યું છે.**

**-----------------------------------------------------------------------------------------**

## <u>ક્રિકેટ એશિયા કપ</u>

એશિયા કપની અંતિમ સુપર ફોર મેચમાં ભારે રસાકસીને અંતે ભારતે શ્રીલંકાને સુપર ઓવરમાં હરાવી જીત હાંસલ કરી હતી. બન્ને ટીમોના એક સરખા 5 વિકેટે 202 રન થતાં સુપર ઓવર દ્વારા ફેસલો થતા ભારતની જીત થઈ હતી એ અગાઉ ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવી 202 રન કર્યા હતા. તિલક વર્મા 49 અને અક્ષર પટેલ 21 રને અણનમ રહ્યા હતા. અભિષેક શર્માએ સૌથી વધુ 61 રન કર્યા હતા. શ્રીલંકાની ટીમના પણ 5 વિકેટે 202 રન થતાં મેચ ટાઇ થઈ હતી. શ્રીલંકાના નિશંકાએ સદી નોંધાવી હતી.

**-----------------------------------------------------------------------------------------**

## <u>કચ્છ ગૌરવ પુસ્કાર</u>

**ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ગાંધીનગર ખાતે કચ્છના બે કલાકાર અરંવિદ નાથાણીને ફોટોગ્રાફી તથા બિપિન સોનીને ચિત્રકળા માટે રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિમંત્રી મુળુભાઇ બેરા દ્વારા ગુજરાત રાજ્ય લલિતકલા ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.**

**-----------------------------------------------------------------------------------------**